For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ગોડાદરાના ડી-માર્ટની બદામમાં જીવાતો, 9 દિવસમાં 3 ફરિયાદ

## ગોડાદરા ડી-માર્ટ માટે કેમ લાલ જાજમ?

22 ઓગસ્ટે એક્સપાયરી ડેટનો માલ → 26 ઓગસ્ટે વાસ મારતો શ્રીખંડ મળ્યો → 31 ઓગસ્ટે કાજુ-બદામના પેકેટમાં જીવાત

**પુણામાં** રહેતી મહિલાએ કાજુ-બદામનું પેકેટ ખરીદ્યું હતું

**મેનેજરની** હાજરીમાં ખોલતા તેમાંથી જીવાતો મળી

**મનપાએ** માત્ર 5 હજારનો જ દંડ કરીને સંતોષ માની લીધો

સુરત : સુરતમાં ઠેર ઠેર ખાદ્યપદાર્થોમાંથી ઇયળ, મંકોડા નીકળવાની ફરિયાદ વચ્ચે ગોડાદરામાં આવેલી ડી-માર્ટના કાજુ-બદામના પેકેટ માંથી જીવીત અને મૃત જીવાતો મળી આવી હતી. માત્ર નવ દિવસના ટૂંકા ગાળામાં

...અનુસંધાન પાના 13 પર

### સામાન્ય દુકાનદાર સામે કડકાઈ, મોટા સ્ટોર સામે નરમાઈ?

સુરતમાં ખાણી-પીણીની નાની સંસ્થાઓ સામે પાલિકા દ્વારા ચેકિંગ દરમિયાન માલ જપ્ત કરવો, સંસ્થા બંધ કરવી અને દંડની

...અનુસંધાન પાના 13 પર



| | |
|---|---|
| 23 ઓગસ્ટ | પાંડેસરામાં ચર્મરોગથી પીડાતો રસોઇયો મળ્યો |
| 24 ઓગસ્ટ | ડુમસના પંચવટીમાં ટામેટા ભજીયામાં મંકોડો નીકળ્યો |
| 25 ઓગસ્ટ | કતારગામની પેપીલોન હોટલમાં રોટલીમાંથી ઇયળ નીકળી |
| 27 ઓગસ્ટ | અડાજણ ડીમાર્ટમાં એક્સપાયર્ડ ફૂગવાળા બ્રેડ મળ્યા |
| 28 ઓગસ્ટ | વરાછા લા પીનોઝના પીઝામાં ઇયળ નીકળી |
| 29 ઓગસ્ટ | નાનપુરાની કૈલાશ સ્વીટમાં ફૂગવાળી કાજૂકતરી |
| 30 ઓગસ્ટ | રેલવે સ્ટેશનના સ્ટોલ પર ઉંદર પફ ખાતો જોવા મળ્યો |
| 30 ઓગસ્ટ | ફાઇવ સ્ટાર હોટલની કૂકીઝમાં લાકડું નીકળું |
| 30 ઓગસ્ટ | વરાછામાં એક્સપાયરી ડેઇટ વાળું કોલ્ડડ્રિંક |
| 30 ઓગસ્ટ | ઉધનાના જલારામ સમોસામાં વાળ નીકળો |

### હવે અડાજણની મહેશ પાઉંભાજીમાં પણ વાસી કઢી-ખરાબ દ્રાક્ષ મળી



સુરતઃ અડાજણ હની પાર્ક રોડ પર આવેલી 'મહેશ પાઉંભાજી' રેસ્ટોરન્ટમાં ગ્રાહકને કશ્મીરી પુલાવ સાથે વાસી કઢી અને ખરાબ દ્રાક્ષ પીરસવામાં આવી હોવાની ફરિયાદ બાદ સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ અને આરોગ્ય-સેનિટેશન વિભાગની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. ફરિયાદને ગંભીરતાથી લઈને પહોંચેલી ટીમે રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા,

...અનુસંધાન પાના 13 પર

### પુણા-કુંભારીયાના ગણપતકાકાનાં વડાંમાં પણ ભારે ગંદકીનો વિડીયો વાઈરલ

આખા સુરત શહેરમાં જાણીતા પુણા કુંભારીયાના ગણપતકાકાના વડા જ્યાં બને છે ત્યાં પણ ભારે ગંદકી હોવાનો વિડીયો વાઈરલ થવા પામ્યો છે. વડા જે દુકાનમાં બનાવવામાં આવે છે તેમાં પારાવાર ગંદકી જોવા મળી રહી છે. સાથે સાથે ગણપતકાકા દ્વારા આ

...અનુસંધાન પાના 13 પર

ત્રણ ત્રણ મુદતથી સરકાર દ્વારા જવાબ ટાળવામાં આવતાં આખરે હાઈકોર્ટની ફટકાર

# સ્મીમેરમાં લોકલ ક્વોટા મામલે સરકાર બે જ દિવસમાં જવાબ આપે: હાઈકોર્ટ

**સરકાર** ટાળી રહી હોવાથી મામલાને મેરિટના આધારે સુનાવણી કરવા અરજદારોની રજૂઆત

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજમાં સ્થાનિક વિદ્યાર્થીઓ માટે વધુ બેઠકો ફાળવવાની માગને લઈને વાલીઓ તથા શહેરના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા ચલાવવામાં આવી રહેલી લડત હવે ગુજરાત હાઇકોર્ટ સુધી પહોંચી છે. સ્થાનિક વિદ્યાર્થીઓ માટે 175 બેઠકોની માગ સાથે ચાલી રહેલા આ મામલામાં આજે હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન ગુજરાત સરકારને બે દિવસમાં પોતાનું વલણ રજૂ કરવાનો હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

સ્મીમેર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત છે. સ્મીમેરની સત્તાવાર માહિતી મુજબ સંસ્થા સુરત મહાનગરપાલિકા હેઠળની સ્વનિર્ભર મેડિકલ કોલેજ-હોસ્પિટલ છે અને સુરત તથા દક્ષિણ ગુજરાતના લોકોને આરોગ્ય સેવા તેમજ તબીબી શિક્ષણ પૂરું પાડવાના બેવડા હેતુથી કાર્યરત છે. વાલીઓ અને જાગૃત નાગરિકોની લડતનો મુખ્ય મુદ્દો એ છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા આ સંસ્થા પાછળ મોટાપાયે

...અનુસંધાન પાના 13 પર

### ત્રણ વખત મુદત છતાં સરકારનો જવાબ નહીં!

આજની સુનાવણીમાં અરજદાર તરફથી વકીલએ મહત્વની રજૂઆત કરી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે સ્થાનિક ક્વોટાના મુદ્દે સરકારની સીધી ભૂમિકા ન હોવા છતાં છેલ્લા ત્રણ વખતથી સરકારનું સ્ટેન્ડ જાણવા માટે મામલો મુલતવી રાખવામાં આવી રહ્યો છે. હવે વધુ રાહ જોયા વિના મામલાની મેરિટના આધારે સુનાવણી આગળ વધારવાની માગ કરી હતી. તેના પગલે કોર્ટ દ્વારા સરકારનું આ મુદ્દે વલણ શું છે તે અંગે પૂછવામાં આવ્યું હતું.

### 'એડમિશન શરૂ થઈ ગયું છે' કહી સરકારની વધુ સમયની માગ

સરકાર તરફથી હાજર આસિસ્ટન્ટ ગવર્મેન્ટ પ્લીડરે સરકારનું વલણ રેકોર્ડ પર મૂકવા માટે વધુ સમય માગ્યો હતો. સાથે જ કોર્ટ સમક્ષ એ પણ રજૂ કરવાનો પ્રયાસ થયો હતો કે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. જોકે, અરજદાર તરફથી આ દલીલનો વિરોધ કરવામાં આવ્યો હતો. રજૂઆત કરી હતી કે સરકાર અગાઉ પણ ત્રણ વખત સમય લઈ ચૂકી છે અને હવે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાનો આધાર લઈને આ મામલાને વધુ વિલંબિત કરી શકાય નહીં.

# સુરતને પહેલી વંદે ભારત ટ્રેન મળી, છ દિવસ ઉદેપુર જશે અને આવશે



**આ** વંદે ભારત ટ્રેન બંને દિશામાં ભરૂચ, વડોદરા સહિત ૯ જેટલાં મહત્ત્વપૂર્ણ સ્ટેશનો પર રોકાશે

**આગામી** દિવસોમાં ટ્રેન ક્યારે શરૂ થશે અને બુકિંગ ક્યારથી શરૂ થશે તેની જાહેરાત કરાશે

**પ્રથમ** દિવસે આ ટ્રેન ઉદઘાટન સેવા તરીકે જ દોડશે, બીજા દિવસથી નિયમિત ચાલશે

### ક્યા સ્ટેશન પર ક્યારે પહોંચશે અને ઉપડશે?

| સ્ટેશન | સુરતથી જતી વખતે | ઉદેપુરથી આવતી વખતે |
|---|---|---|
| સુરત | 06:10 | 23:00 |
| ભરૂચ | 06:51 / 06:53 | 22:10 / 22:12 |
| વડોદરા | 07:40 / 07:45 | 21:22 / 21:27 |
| આણંદ | 08:11 / 08:13 | 20:50 / 20:52 |
| મણિનગર | 08:41 / 08:43 | 19:58 / 20:00 |
| અસરવા | 09:25 / 09:30 | 19:25 / 19:30 |
| હિંમતનગર | 10:38 / 10:40 | 18:18 / 18:20 |
| શામળાજી | 11:08 / 11:10 | 17:27 / 17:29 |
| ડુંગરપુર | 11:42 / 11:44 | 16:50 / 16:52 |
| ઝાવર | 12:45 / 12:47 | 16:01 / 16:03 |
| ઉદયપુર | 13:40 | 15:35 |

સુરતઃ સુરતને પહેલી વંદેભારત આપવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ વંદેભારત સુરત અને ઉદેપુરની વચ્ચે દોડશે. રેલવે બોર્ડ દ્વારા આ અંગેનો અધિકૃત આદેશ જારી કરવામાં આવ્યો છે, જેમાં ટ્રેન નંબર, સમયપત્રક, સ્ટોપેજ અને સંચાલનના દિવસો નક્કી કરવાની સાથે ૮ કોચના રેકને પણ મંજૂરી આપવામાં આવી છે. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટ્રેનને નવરાત્રી પહેલા જ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. રેલવે બોર્ડના આદેશ મુજબ આ નવી વંદે ભારત ટ્રેન સુરતથી રાત્રે ૧૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે ઉદયપુર સિટી પહોંચશે. ઉદયપુરથી સુરત રિટર્નમાં આ ટ્રેન

...અનુસંધાન પાના 13 પર

# નિધિ પટેલના હત્યારાઓને પકડવા માટેની SIT માત્ર નામની જ છે?!



(તસવીર : હિતેશ પટેલ)

**પોલીસ** હજુ ફિંગરપ્રિન્ટમાં જ અટવાયેલી હોવાની અને મૂળ હત્યારા જોજનો દૂર હોવાની સ્થિતિ

માંડવીઃ સુરત જિલ્લાના માંડવી તાલુકાના ગોદાવાડી ગામે ચકચાર જગાવનાર નિધિ પટેલ હત્યાકાંડમાં દિવસો વિતવા છતાં પોલીસના હાથે હજુ સુધી કોઈ નક્કર સફળતા લાગી નથી. ગંભીર ગુનાની તપાસ ઝડપી બનાવવાની અને આરોપીઓને જેલભેગા કરવાની મોટી મોટી વાતો વચ્ચે રચવામાં આવેલી 'સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ' પણ હજુ સુધી અંધારામાં તીર ચલાવી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હજુ સુધી પોલીસ ફિંગરપ્રિન્ટથી આગળ વધી જ નહીં હોવાની સ્થિતિ દેખાઈ રહી છે ત્યારે ગુનો ક્યારે પોલીસ ઉકેલશે તે મોટો સવાલ બની ગયો છે.

...અનુસંધાન પાના 13 પર

### ફિંગરપ્રિન્ટ લેવામાં આખા ગામને પોલીસે ધંધે લગાડી દીધું!

નિધિ પટેલ હત્યાકાંડમાં પોલીસે આખા ગામના ફિંગરપ્રિન્ટ લેવાની કરેલી શરૂઆતથી ગ્રામજનોમાં ભારે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. પોલીસે અત્યાર સુધી આશરે 1000 લોકોના ફિંગરપ્રિન્ટ લીધા હોવાનું મનાઈ રહ્યું છે પરંતુ તેને કારણે ગ્રામજનોના કામધંધા અટવાઈ જવા પામ્યા છે. યુવાનો ફિંગરપ્રિન્ટ આપીને આવે ત્યાં સુધી તેના માતા-પિતાના શ્વાસ અદ્ધર થઈ જાય છે. પોલીસ ગમે ત્યારે બોલાવે તેમ હોવાથી ધંધા-રોજગાર પર પણ જવાનું લોકોનું મુશ્કેલ થઈ ગયું છે. પોલીસ ઝડપથી ગુનેગારને નહીં પકડે તો ગ્રામજનોનો આક્રોશ વિસ્ફોટક બની જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### હત્યારાઓને પકડે તેવી ધારાસભ્ય અને સમાજના આગેવાનોની પોલીસને કડક રજૂઆત

માંડવી વિધાનસભાના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ તથા પટેલ સમાજના પ્રમુખ અને ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન ખાતે બેઠક યોજી હતી. પ્રતિનિધિમંડળે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ સ્પષ્ટ માંગ કરી હતી કે સમગ્ર કેસની તપાસમાં કોઈપણ પ્રકારની કચાશ રાખવામાં ન આવે અને આ જઘન્ય ગુનામાં સંડોવાયેલા તમામ દોષિતો સામે કાયદા અનુસાર કડકમાં કડક કાર્યવાહી કરી પીડિત પરિવારને વહેલી તકે ન્યાય અપાવવામાં આવે. નિર્દોષને ન્યાય મળે અને ગુનેગારને કાયદા મુજબ દાખલારૂપ સજા થાય તે જ સમાજની સ્પષ્ટ માંગ છે.

# કડોદરામાં બુટલેગર અને પત્રકારના હત્યારાઓની ગેંગ વચ્ચે જાહેરમાં ફાયરિંગ

**બુટલેગર** પિંકેશ શુક્લાએ રિવોલ્વરથી ફાયરિંગ કરતાં નયન પાટીલને ઘૂંટણમાં ગોળી વાગી

**બચાવમાં** સાહિલે ચપ્પુથી હુમલો કરતાં સામા પક્ષના બાદશાહ અને કાલુને પણ ગંભીર ઈજા પહોંચી

પલસાણાઃ કડોદરામાં મોડી રાત્રે બે કુખ્યાત માથાભારે જૂથો સામસામે આવી જતાં જાહેરમાં ખૂની ગેંગવોર ફાટી નીકળી હતી. ભગુનગર તરફ જતા કેનાલ રોડ પર આવેલી તિરુપતિ સોસાયટી વિસ્તારમાં થયેલી આ અથડામણમાં ખુલ્લેઆમ ફાયરિંગ થતાં અને ચપ્પુના ઘા ઝીંકાતાં સમગ્ર વિસ્તારમાં ભારે દહેશતનો માહોલ ફેલાઈ ગયો છે.

કડોદરાની તિરુપતિ સોસાયટીમાં

...અનુસંધાન પાના 13 પર


જુની અને જાણીતી
બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦



તા.૦૪-૦૯-૨૦૨૬ ને શુક્રવાર ના રોજ
જન્માષ્ટમી નિમિત્તે
માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૦૫-૦૯-૨૬ ને શનિવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
બોમ્બે માર્કેટ ફિઝિયોથેરાપી સેન્ટર તેમજ હોમીઓપેથી કિલનિક માં રાહત દરે સારવાર ઉપલબ્ધ છે.
નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.


ઉધનાના ભાજપ કાર્યાલય ખાતે વોર્ડ નં.7 અને 8ના પ્રમુખો વચ્ચે થયેલી મારામારીના પ્રકરણમાં

# ભાજપ વોર્ડ નં.8ના પ્રમુખ સામે કાર્યવાહી કરે: સથવારા સમાજ

**વોર્ડ** નં. 8ના પ્રમુખે વોર્ડ નં. 7 ના પ્રમુખને તમાચો મારી સમાજ વિશે ટિપ્પણી કર્યાનો આક્ષેપ હતો

**શહેર** સંગઠનના સમાધાનના દાવાને પ્રદીપ મોરીએ ફગાવ્યો, ગાંધીનગર રજૂઆતની તૈયારી

સુરત : તાજેતરમાં ઉધના ખાતેના ભાજપ કાર્યલય ખાતે થયેલી વોર્ડ નંબર 7 અને 8ના પ્રમુખો વચ્ચે થયેલી મારામારીને કારણે ભાજપનો જુથવાદ સપાટી પર આવી ગયો હતો. આ પ્રકરણમાં ભાજપ કાર્યાલય પર બંને વચ્ચે સમાધાન કરાવી દેવાયાની જાહેરાતો કરવામાં આવી હતી પરંતુ હવે એવી માહિતી બહાર આવી છે કે આ સમાધાન થયું નથી અને આ મુદ્દે વોર્ડ નં.7ના પ્રમુખ પ્રદિપ મોરીના સમર્થનમાં સથવારા સમાજ દ્વારા હવે ગાંધીનગર જઈ મુખ્યમંત્રી તેમજ પ્રદેશ પ્રમુખને ફરિયાદ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

આ ઘટના એવી છે કે, વોર્ડ નં. 8ના પ્રમુખ મનોજ ખેર દ્વારા વોર્ડ નં. 7ના પ્રમુખ પ્રદીપ મોરી પર ઉધના સ્થિતિ


...અનુસંધાન પાના 13 પર


નવમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




સ્વ. લલ્લુભાઈ મંગળદાસ મિસ્ત્રી
સ્વ.તા. ૦૧-૦૯-૨૦૧૭
તમારી ઓજસ પંચતત્વમાં વિલીન થઈ ગયું,માત્ર રહી ગઈ તારી સુવાસ, તમારી સુંવાળી યાદો કાયમ માટે અમર થઈ ગઈ, તમારૂં સ્મિત ક્યારેય ના ભુલાય, તમારા પ્રેમ ભર્યા સ્વભાવનો અભાવ સારી જીંદગી રહેશે. તમારા કૌટુંબ્મીક ભાવનાનું તો પુછવું જ શું ? તમારી કમી તો કદિયે નહી પૂરાય, પણ તમારા હોવાનો અહેસાસ હંમેશા અમારા સૌની વચ્ચે રહેશે, તમે હંમેશા અમારી વાતોમાં અને યાદોમાં જીવીત રહેશે. તમે માત્ર એક વ્યકિત નહી પણ અમારી આંખોનો તારો હતા.
લિ.
ગં.સ્વ.મંજુલાબેન મંગળદાસ મિસ્ત્રી (પત્ની)
સ્વ.સંજયભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી (પુત્ર)
ગં.સ્વ.રેખાબેન સંજયભાઈ મિસ્ત્રી (પુત્રવધૂ)
હાર્દિક સંજયભાઈ મિસ્ત્રી (પૌત્ર)
અંજલી સંજયભાઈ મિસ્ત્રી (પૌત્રી)
પૂર્વેશ લલ્લુભાઈ મિસ્ત્રી (પુત્ર)

પંદરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.મોહનભાઈ દલપતભાઈ પટેલ
સ્વ.તા. ૦૧/૦૯/૨૦૧૧
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં,
સદેહ તમે નથી એ સચ્ચાઈ છે,
પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના
લિ.
ચંદુભાઈ દલપતભાઈ પટેલ
રતિલાલ દલપતભાઈ પટેલ
રોહિત મોહનભાઈ પટેલ
દેવાંગ ચંદુભાઈ પટેલ
યોગેશ મોહનભાઈ પટેલ
ચેતન મોહનભાઈ પટેલ
હિરેન રતિલાલ પટેલ
ધ્વનિલ રમણભાઈ પટેલ

સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. બાબુભાઈ મગનભાઈ પટેલ
સ્વ. તા. ૦૧-૦૯-૨૦૧૯
આપની ચિર વિદાયથી અમે કલ્પવૃક્ષ સમા વડીલ ગુમાવ્યા છે, આપની વ્હાલસોઈ યાદોનો અખૂટ ભંડાર અમારા હ્રદયમાં ધબકયા કરે છે. આપનું સિંહ સમું વ્યકિતત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવાની ભાવના, ઉદારતા, નિડરતા અને આપના પ્રેમભર્યા સાનિધ્યમાં અનુભવી હતી એ હૂંફ, એ ઉષ્મા.. આપની સાથે વિતાવ્યો હતો એ સમય, એ જીંદગી.. એ બધું અકબંધ રહયું છે.. બસ કંઈક ખૂટે છે તો એ છે તમારું સાંનિધ્ય, તમારો એ સાદ ને તમારો એ વ્હાલ. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. મનહરભાઈ બાબુભાઈ પટેલ
પ્રવિણભાઈ બાબુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
જુના કોળીવાડ, કોસાડ ગામ, સુરત

હાર્દિક શ્રદ્ધાંજલિ



જીવનના દરેક તબક્કે સમાજની તકલીફો દૂર કરવાના સતત પ્રયત્નો કરીને તથા સમાજના દરેક જીવને સકારાત્મક બનવાની પ્રેરણા આપનાર જીવને સાદર નમન. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬
આર. ડી. દવે ચેરિટેબલ ટ્રસ્ટ

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

શ્રદ્ધાંજલિ



સ્વ. ધવલભાઈ ભવાનભાઈ સુતરીયા
(ઉ.વર્ષ ૪૦) (ગામ– ચોગઠ) સ્વ. ૩૦/૦૮/૨૦૨૬
આ પૃથ્વી પર બધુ જ છે પણ અધુરૂ છે તમે નથી,
તમારા વગર છે ખામોશી અને એકલતા તમારી તસવીર છે,
જે નથી એ છે તમારી આંખોની કરૂણા. આંખોના આંસુ તો લુછાઈ જાય છે.
પણ હૃદયના આંસુઓ હંમેશા રહે છે. એક શાંત આંસુ એના માટે છે
જેના અમે ખૂબ જ પ્રેમ કરીએ છીએ અને સતત યાદ કરીએ છીએ.
પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
શ્રી મેહુલ ખીમજીભાઈ કોશિયા
શ્રી નિરવ ખીમજીભાઈ કોશિયા
ગામ – ચોગઠ
ઈન્ફીનીટી ગ્રુપ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અનિલભાઈ અમૃતલાલ કોસંબીયા
સ્વ. તા. ૦૧/૦૯/૨૦૨૫
વ્હાલાભાઈ,
તારી સાથે વિતાવેલી દરેક પળ તારો ચહેરો અને તારો અવાજ મારા દિલમાં સ્મૃતિરૂપે કાયમ જીવીત રહેશે. તારી પ્રથમ પુણ્યતિથિએ ભગવાન તારા આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.
ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ
લિ.
ભારતી દિપક કંથારીયા

દુ:ખદ અવસાન – બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા જમાઈ/બનેવી અનુપમભાઈ પરભુભાઈ પટેલ તા. ૨૬/૦૮/૨૦૨૬ના બુધવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્દગતનું બેસણું તા.૦૨/૦૯/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૦ થી બપોરે ૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નોંધઃ કોઈપણ વ્યકિતએ ફુલહાર કે બિસ્કીટ લાવવુ નહિ અને લૌકિક પ્રથા બંધ છે
સ્વ. અનુપમભાઈ પરભુભાઈ પટેલ
સ્વ. તા. ૨૬/૦૮/૨૦૨૬
લિ. ધીરજભાઈ ઠાકોરભાઈ તાંબાઘર
તરૂણાબેન ધીરજભાઈ તાંબાઘર
સ્મિતકુમાર ધીરજભાઈ તાંબાઘર
તથા સમસ્ત તાંબાઘર પરિવાર
નિવાસસ્થાનઃ ગામ આભવા, લાયા ફળિયા, તા. ચોર્યાસી, સુરત.

ખ્રિસ્તી મરણ



અમારા માતૃશ્રી
શ્રીમતી મોરીનબેન મધુસૂદન ક્રિસ્ટી
(નિવૃત આચાર્ય, સુરત મહાનગરપાલિકા)
આજ રોજ તાઃ- 31-08-2026 ના અવસાન પામ્યા છે.
તેમની દફનવિધિ તાઃ- 01-09-2026 ના રોજ તેમના નિવાસ સ્થાને થશે. સવારે 10:00 કલાકે થશે.
સ્થળઃ 'એડવર્ડઝ' 6, કિર્તીનગર સોસાયટી, રોર્દર રોડ, સુરત. મોઃ- 9825784590
લી. ઓસ્કર મધુસૂદન ક્રિસ્ટી (પુત્ર)
સુષ્મા ટોની નિકોલસ (પુત્રી)
સુધા રશ્મીન મહિડા (પુત્રી)

નવમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. રાજેશ મનહરલાલ બારડોલીયા
જન્મ. તા. ૨૨-૦૮-૧૯૬૬
મરણ. તા. ૧૨-૦૮-૨૦૧૭
મરણ તિથિ. શ્રાવણ વદ પાંચમ
હયાતીની હસ્તાક્ષર સમી આપની યાદ, અમ હૃદય પર કોરાઈ છે. આપની હૂંફ અને હાજરી પરિવારમાં પ્રતિક્ષણ અનુભવાય છે, ચર્મ ચક્ષુથી દુર છો તો શું થયું અંતર ચક્ષુમાં છબી હંમેશા આપની સચવાઈ છે.
આપની પુણ્ય સ્મૃતિ સહ ભાવભીની શ્રદ્ધાંજલિ.
લિ. સ્વ. મનહરલાલ નાનાભાઈ બારડોલીયા (પિતાશ્રી)
સ્વ. પ્રભાવતી મનહરલાલ બારડોલીયા (માતાશ્રી)
ગં.સ્વ. અનિતા રાજેશ બારડોલીયા (પત્ની)
તથા સમસ્ત બારડોલીયા પરિવાર